દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૫ જુલાઈ, ૨૦૨૬

# કેન્દ્ર સરકાર જો વીજવિતરણમાં સ્પર્ધા ઉભી કરી શકશે તો નાગરિકો માટે એક આશીર્વાદ હશે

ભારતમાં ૧૯૯૦ના દાયકામાં ટેલિકોમ ક્ષેત્રે થયેલા સુધારા અને ખુલ્લા બજારની નીતિએ દેશના સમગ્ર આર્થિક અને સામાજિક ચિત્રને બદલી નાખ્યું હતું. એક સમયે ટેલિફોન કનેક્શન મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી, જ્યારે આજે માત્ર થોડી મિનિટોમાં પોતાની પસંદગીની કંપનીનું સિમકાર્ડ પસંદ કરવાની અને યોગ્ય ન લાગે તો પોર્ટેબિલિટી દ્વારા અન્ય કંપનીમાં સ્વિચ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા ગ્રાહક પાસે છે. હવે આ જ પ્રકારની ક્રાંતિકારી સુધારાની પ્રક્રિયા દેશના વીજ ક્ષેત્રમાં અમલી બનાવવા માટે કેન્દ્ર સરકાર ગંભીરતાથી આગળ વધી રહી છે. કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલની અધ્યક્ષતામાં મળેલી સલાહકાર સમિતિની બેઠકમાં 'સમાંતર વિતરણ લાઇસન્સિંગ'ના પ્રસ્તાવિત માળખા અંગે કરવામાં આવેલું મંથન ભારતીય ઊર્જા ક્ષેત્રમાં એક યુગપ્રવર્તક મોડ સાબિત થઈ શકે તેમ છે. હાલમાં દેશના મોટાભાગના રાજ્યો અને શહેરોમાં વીજ વિતરણનું કામકાજ રાજ્ય સંચાલિત વીજ કંપનીઓ અથવા ચોક્કસ ભૌગોલિક વિસ્તાર માટે નિયુક્ત થયેલી એકમાત્ર ખાનગી કંપની પાસે હોય છે. આ એકાધિકારશાહી વાતાવરણને કારણે ગ્રાહકો પાસે અન્ય કોઈ વિકલ્પ હોતો નથી. કોઈ વિકલ્પ ન હોવાને કારણે વીજ વિતરણ કંપનીઓમાં ગ્રાહક સેવા, ફોલ્ટ રિપેરિંગ અને સપ્લાયની સાતત્યતા અંગે પૂરતી જવાબદારીનો અભાવ જોવા મળે છે. નવા પ્રસ્તાવિત માળખાનો સૌથી મોટો સકારાત્મક પાસું એ છે કે તે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના બિનજરૂરી ડુપ્લિકેશનને અટકાવે છે અને કેબલ/વાયર નેટવર્કને વીજ પુરવઠાથી અલગ કરવાની દિશામાં કામ કરે છે. મૂળ વિતરણ કંપનીઓ પોતાના વીજ વાયર, સબસ્ટેશન અને ગ્રીડ નેટવર્કની માલિકી અને જાળવણી જાળવી રાખશે. નવી પ્રવેશતી વીજ વિતરણ કંપનીઓ મૂળ નેટવર્ક માલિકને નિયમિત વ્હીલિંગ ચાર્જ ચૂકવીને એ જ પ્રસ્થાપિત વાયરો મારફતે પોતાના ગ્રાહકોને વીજળી સપ્લાય કરી શકશે. જો જરૂર જણાય તો રાજ્ય વીજળી નિયમનકારી પંચની મંજૂરીથી નવી કંપનીઓ ચોક્કસ વિસ્તારોમાં પોતાનું પૂરક માળખું પણ વિકસાવી શકશે. આ મોડેલ મુંબઈ જેવા શહેરમાં સફળતાપૂર્વક કાર્યરત છે, જ્યાં ટાટા પાવર, અદાણી ઇલેક્ટ્રિસિટી અને BEST વચ્ચેની સ્પર્ધાને કારણે ગ્રાહક પોતાની પસંદગી મુજબ કિંમત અને સેવાની ગુણવત્તાના આધારે વીજ પ્રોવાઇડર બદલી શકે છે. હવે આ સફળ પ્રયોગને સમગ્ર દેશમાં વ્યાપક સ્તરે અમલી બનાવવાની યોજના છે. કિંમત અને ટેરિફ સ્પર્ધા વધવાથી કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે વાજબી ભાવ અને ડિજિટલ સવલતો આપશે. પાવર કટ, વોલ્ટેજ ફ્લક્ચ્યુએશન અને ગ્રાહક ફરિયાદ નિવારણમાં ઝડપ આવશે. સ્માર્ટ મીટરિંગ, રિયલ-ટાઇમ યુસેજ ટ્રેકિંગ અને ડાયનેમિક પ્રાઇસિંગ જેવા આધુનિક સુધારા ઝડપી બનશે. આ ઉપરાંત, આ સુધારામાં 'સાર્વત્રિક સેવા જવાબદારી'ની કડક જોગવાઈ રાખવામાં આવી છે. આ જોગવાઈ મુજબ કોઈ પણ નવી ખાનગી કંપની માત્ર નફો આપતા ઔદ્યોગિક કે શહેરી ગ્રાહકોને જ પસંદ કરી શકશે નહીં, પરંતુ તેમણે ગ્રામીણ અને આર્થિક રીતે નબળા વર્ગના ગ્રાહકોને પણ સમાન રીતે વીજળી પૂરી પાડવાની રહેશે. કોઈપણ મોટા માળખાકીય સુધારાની જેમ, સમાંતર વિતરણ લાઇસન્સિંગ નીતિ સામે પણ કેટલાક જટિલ પડકારો રહેલા છે. મોટાભાગના રાજ્યોની સરકારી ડિસ્કોમ્સ ભારે દેવામાં ડૂબેલી છે. જો બજારના નફાકારક ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો નવી ખાનગી કંપનીઓ તરફ વળી જશે, તો સરકારી ડિસ્કોમ્સની આવક પર વિપરીત અસર પડી શકે છે. ભારતમાં ઔદ્યોગિક ગ્રાહકો પાસેથી વધુ દર વસૂલીને ખેડૂતો અને ગરીબ પરિવારોને સબસિડીવાળી વીજળી આપવામાં આવે છે. આ ક્રોસ-સબસિડીના માળખાને નુકસાન પહોંચાડ્યા વિના સ્પર્ધાત્મક બજાર ઊભું કરવું એ એક મોટો વાણિજ્યિક સવાલ છે. નેટવર્ક એક જ કંપનીનું હોય અને વીજળી અન્ય કંપનીઓ વેચતી હોય ત્યારે ટેકનિકલ ખામી કે પાવર આઉટેજ સમયે પ્રાથમિક જવાબદારી કોની રહેશે તે અંગે સ્પષ્ટ નિયમનકારી માળખું જરૂરી બનશે. ટેલિકોમ ક્ષેત્રે 2G થી 5G સુધીની ક્રાંતિએ સાબિત કર્યું છે કે જ્યાં ગ્રાહકને પસંદગીનો અધિકાર મળે છે અને નિયમનકારી તંત્ર મજબૂત હોય છે, ત્યાં ગુણવત્તા સુધરે છે અને કિંમતો તર્કસંગત બને છે. વીજળી આજે માત્ર ભૌતિક સુવિધા નથી, પરંતુ દેશના આર્થિક વિકાસ અને ડિજિટલ અર્થતંત્રનો પાયો છે. કેન્દ્ર સરકારનો સમાંતર વિતરણ લાઇસન્સિંગનો પ્રસ્તાવ યોગ્ય દિશામાં ભરાયેલું સાહસિક કદમ છે. આ નીતિને સફળ બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ મળીને સુદ્રઢ કાનૂની માળખું ઘડવું પડશે, જેથી રાજ્યોની સરકારી ડિસ્કોમ્સનું પણ પુનર્ગઠન થાય અને ગ્રાહકોને શોષણમુક્ત, સ્વચ્છ અને સાતત્યપૂર્ણ વીજળી મળી રહે. જો આ સુધારાઓ યોગ્ય રીતે લાગુ કરવામાં આવશે, તો આગામી વર્ષોમાં ભારતીય વીજ ક્ષેત્ર વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટતાનું ઉદાહરણ બની રહેશે. સૌથી વધુ તો વીજગ્રાહકોને હાલમાં વીજક્ષેત્રે જે કંપનીઓની દાદાગીરીનો સામનો કરવો પડી રહ્યો છે તેમાં મોટો સુધારો આવી જશે તે નક્કી છે.

# વિજયે નવો ચીલો પાડ્યો છે

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**જો કોઈ મંત્રી કે પદાધિકારી ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા જણાશે તો તેમને તાત્કાલિક પદ પરથી હટાવી દેવામાં આવશે તેવી નીતિ અપનાવી છે**

તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે અભિનેતા જોસેફ વિજય મુખ્યમંત્રી તરીકે સફળ થશે કે નહિ એ વિષે દરેકના મત જુદા હતા પણ ટૂંકા સમયમાં વિજયે જે રીતે શાસન કર્યું છે, જે રીતે નિર્ણયો લીધા છે એ દર્શાવે છે કે, જેમની કોરી પાટી હોય એ ક્યારેક વધુ સારી રીતે કામ કરી શકે છે. રાજીવ ગાંધીથી માંડી નરેન્દ્ર મોદી સુધીના દાખલા આપણી પાસે છે. એમાં પ્લસ માઈનસ પણ આપણે જોયું છે. વિજય પાસે તામિલનાડુની પ્રજાને ઉમીદ છે, શું એ એ ઉમીદ પર ખરા ઊતરશે?

સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની સરકાર સત્તામાં આવ્યા બાદ, તેમની કાર્યશૈલી અને લેવાયેલા નિર્ણયો રાજ્યના રાજકારણમાં ચર્ચાના કેન્દ્રમાં રહ્યાં છે. વિજય સવારે દસ વાગ્યે અચૂક ઓફિસે આવી જાય છે. ટીફીન લઈને આવે છે અને એ કારણે અન્ય સ્ટાફે પણ સમયસર આવવાની ફરજ પડી છે. વિજયે સ્પષ્ટ ચીમકી આપી છે કે સરકારમાં કે પ્રશાસનમાં ભ્રષ્ટાચાર કે પદનો દુરુપયોગ જરાય ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈ મંત્રી કે પદાધિકારી ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા જણાશે તો તેમને તાત્કાલિક પદ પરથી હટાવી દેવામાં આવશે તેવી નીતિ અપનાવી છે. પોતાની જ પાર્ટીના નેતાઓ કે પદાધિકારીઓ દ્વારા ગેરરીતિ કે વિવાદાસ્પદ પ્રવૃત્તિઓ (જેવી કે સોશ્યલ મીડિયા પર રીલ્સ સંસ્કૃતિ કે ભ્રષ્ટાચાર) સામે ત્વરિત અને સખત શિસ્તભંગનાં પગલાં લેવામાં આવ્યાં છે. વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવા માટે સરકારી કચેરીઓ અને બોર્ડ્સમાં એન્ટી-કરપ્શન નોટિસ બોર્ડ તથા સીધી ફરિયાદો માટેના હેલ્પલાઈન નંબરો પ્રદર્શિત કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

નીટની પરીક્ષા અને પેપર લીક મુદ્દે આંદોલન થઇ રહ્યાં છે પણ આ મુદ્દે મુખ્યમંત્રી વિજયે પુનરોચ્ચાર કર્યો છે કે નીટ એ વિદ્યાર્થીઓ અને તેમનાં પરિવારો માટે માનસિક ત્રાસ સમાન છે તેથી તેને સદંતર નાબૂદ કરવી જોઈએ. શિક્ષણને ફરીથી રાજ્ય યાદીમાં પાછું લાવવા અથવા વિશેષ સમવર્તી યાદી બનાવવાની માંગણી પર સરકાર કેન્દ્ર સમક્ષ મજબૂતાઈથી રજૂઆત કરી રહી છે. રાજ્યમાં રોજગારીની તકો વધારવા અને ઔદ્યોગિક વિકાસ માટે સક્રિય પગલાં લેવાયા છે. તાજેતરમાં જ તેમણે અગ્રણી ઓટોમોબાઈલ કંપની ફોર્ડના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજીને તામિલનાડુમાં ઉત્પાદન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે આગ્રહ કર્યો છે. કેમ્પસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં શિસ્ત જાળવવા માટે સોશ્યલ મીડિયા રીલ્સ અને બિનજરૂરી પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ મૂકવા માટે શિક્ષણ વિભાગ અને શાળાઓને વિશેષ સૂચનાઓ અપાઈ છે.

આ સરકારે સત્તા સંભાળ્યા બાદ જનકલ્યાણ, મહિલા સુરક્ષા, કૃષિ અને વહીવટી સુધારણા માટે કેટલીક નવી યોજનાઓ અને મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. સત્તામાં આવ્યાની સાથે જ મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી એક વિશેષ સુરક્ષા દળ 'સિંગપ્પેન અતિરાડી પદાઈ' ની રચના કરવાની સત્તાવાર ફાઈલ પર સહી કરી હતી. આ વિશેષ દળ તામિલનાડુભરમાં મહિલાઓની છેડતી, અપરાધો અને અસુરક્ષા સામે કડક અને ત્વરિત પગલાં લેવા માટે કાર્યરત કરવામાં આવ્યું છે.રાજ્યમાં દારૂના વેચાણ અને તેનાથી થતી સામાજિક અસરોને નિયંત્રિત કરવા માટે સેંકડો દુકાનોને તબક્કાવાર બંધ કરવા અથવા તેના સંચાલન પર કડક નિયંત્રણો લાવવાનાં પગલાંની શરૂઆત કરવામાં આવી છે. શાળાએ જતી દીકરીઓ માટે સાયકલ યોજના શરૂ કરી છે અને એ સાયકલ દીકરીને મળે છે. વિજયની સરકારને તોડવાના પ્રયાસો પણ થયા છે પણ એ સફળ ના રહ્યા અને વિજય એ બધાને બાજુએ રાખી સરકાર ચલાવી રહ્યા છે. બીજા મુખ્યમંત્રીઓ માટે આ એક સ્ટડી કેસ સમાન છે.

**યુપીમાં ભાજપની તૈયારી ...**

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે ભાજપ અને યોગી સરકારની આ રણનીતિ મુખ્યત્વે સંગઠનાત્મક માઇક્રો-મેનેજમેન્ટ અને સામાજિક સમીકરણો પર આધારિત છે. સપા એક જ પક્ષ એવો છે જે તુટ્યો નથી. એ માટે પ્રયાસો તો જરૂર થયા છે. પણ ભાજપ ચૂંટણીને ધ્યાનમાં લઈ પ્રત્યેક બૂથને લોકશાહીનું કુરુક્ષેત્ર માનીને કામ કરી રહી છે. દરેક બૂથ પર બૂથ અધ્યક્ષ અને પન્ના પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે, જેઓ મતદાર યાદીના પ્રત્યેક પન્ના પરના મતદારો સાથે સીધો અને સતત સંપર્ક જાળવી રાખશે. સપા અને બસપાના પ્રભાવવાળા વિસ્તારોમાં તેમના સ્થાનિક અને જાતિગત રીતે મજબૂત ગણાતા નેતાઓને (બૂથ ક્ષત્રપો) ચિહ્નિત કરવામાં આવી રહ્યા છે. આ અસંતુષ્ટ કે પ્રભાવશાળી સ્થાનિક ચહેરાઓની યાદી બનાવીને તેમને પક્ષ સાથે જોડવાની કે તટસ્થ કરવાની રણનીતિ પર કામ ચાલી રહ્યું છે, જેથી વિરોધી પક્ષોનો સામાજિક આધાર તોડી શકાય.

એટલું જ નહિ દરેક બૂથ કમિટીને ચોક્કસ ટાસ્ક આપવામાં આવ્યો છે કે તેઓ પોતપોતાના બૂથ પરના દરેક મતદારની જાતિ, પરિવારની સ્થિતિ અને રાજકીય ઝુકાવની વિગતવાર યાદી તૈયાર કરે. આના આધારે કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ અને સમર્થકોની અલગ-અલગ યાદીઓ બનાવીને ઘેર-ઘેર પહોંચવાની યોજના છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, બંને ઉપમુખ્યમંત્રીઓ અને મંત્રીમંડળના વરિષ્ઠ સભ્યો સતત જિલ્લાઓનો પ્રવાસ કરીને સંગઠનના કાર્યકરોમાં જોશ ભરી રહ્યા છે. એક જ દિવસમાં તમામ ૪૦૩ વિધાનસભા ક્ષેત્રોમાં બૂથ સંમેલનો યોજીને પક્ષે સ્પષ્ટ કરી દીધું છે કે ચૂંટણી પ્રચાર હવે શીર્ષ નેતૃત્વથી લઈને પાયાના કાર્યકર સુધી એકસાથે ધમધમતો રહેશે.

સપા અને બસપાએ તૈયારી તો શરૂ કરી છે પણ ભાજપ જુદા લેવલે કામ કરી રહ્યો છે. કોંગ્રેસ ક્યાં છે? એ સવાલ પૂછવા જેવો છે. બીજા નાના મોટા પક્ષો શું કરે છે? ગઈ ચૂંટણીમાં સપાએ સારી લડત આપી એ કારણે ભાજપ વધુ ઝીણવટભરી તૈયારી કરી રહ્યો છે. બીજા રાજકીય પક્ષોએ ચૂંટણી કેમ લડાય , તૈયારી કેવી હોવી જોઈએ એ ભાજપ પાસેથી શીખવા જેવું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાજમહેલનું નિર્માણ



એક રાજાને સપનું આવ્યું તેમાં તેમણે બહુ જ સુંદર લાલ પથ્થરનો મહેલ જોયો અને આ મહેલ રાજાને એટલો ગમી ગયો કે સવારે સ્વપ્નમાંથી ઊઠ્યા પછી પણ તે મહેલ તેમના ચિત્તમાંથી દૂર થતો જ ન હતો અને મહેલની સંપૂર્ણ રૂપરેખા રાજાને જાણે મનમાં અંકિત થઈ ગઈ હોય તેમ યાદ હતી.રાજાને સતત તે મહેલના જ વિચારો આવતા હતા.તેમને ચિત્રકારને બોલાવી વર્ણન કરી મહેલનું ચિત્ર બનાવડાવ્યું અને પછી મંત્રીને બોલાવીને કહ્યું, ''બરાબર, આવો મહેલ તૈયાર કરાવો.''

મહેલનું કામકાજ શરૂ થયું, વિશેષ લાલ પથ્થરો મંગાવવામાં આવ્યા. પૂરજોશમાં આ લાલ મહેલનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું.એક દિવસ રાજા મહેલનું કામ કેવું ચાલે છે તે જોવા આવ્યા. તેમણે પહેલા મજૂરને પૂછ્યું, ''આ શું કામ કરે છે.'' મજૂરે કહ્યું, '' રાજાજી પથ્થર તોડું છું.'' રાજાએ તેની મજૂરી બમણી કરી આપી. રાજા થોડા આગળ ગયા. બીજા મજૂરને પૂછ્યું, ''તું શું કામ કરે છે?'' મજૂરે કહ્યું, ''રાજાજી, આ લાલ પથ્થરને ગોઠવી દીવાલ બનાવું છું...'' રાજાએ તેને એક ચાંદીનો સિક્કો આપ્યો. રાજાએ થોડા આગળ જઈને ત્રીજા મજૂરને પૂછ્યું, ''તું શું કરે છે?'' ત્રીજા મજૂરે કહ્યું, ''રાજાજી, લાલ પથ્થરમાંથી તમારા મહેલને બનાવું છું.'' રાજાએ તેને પાંચ સોનામહોર આપી. રાજાએ ચોથા મજૂરને પૂછ્યું, ''તું શું કામ કરે છે?'' ચોથા મજૂરે કહ્યું, ''રાજન, હું તમારા સપનાને સાચું સ્વરૂપ આપું છું.'' રાજાએ આ મજૂરને પોતાના ગળાનો હીરાનો હાર ભેટમાં આપ્યો અને તેને મહેલના નિર્માણકાર્યનો મુખ્ય કાર્યકર્તા બનાવી દીધો. મંત્રીજીએ રાજાને પૂછ્યું, ''રાજાજી આ બધા મજૂરો લાલ પથ્થર તોડી તેને ગોઠવી દીવાલ બનાવી રહ્યા છે છતાં તમે દરેકને જુદી જુદી ભેટ આપી આમ કેમ? અને ચોથા મજૂરને મુખ્ય કાર્યકર્તા કેમ બનાવ્યો?'' રાજા બોલ્યા, ''મેં જુદી જુદી ભેટ નથી આપી. તેઓ પોતાના કામને જેવું અને જેટલું મહત્ત્વ આપે છે મેં તે રીતની ભેટ આપી છે.રહી વાત ચોથા મજૂરને મુખ્ય કાર્યકર્તા બનાવવાની. તો તે છે તેનો જવાબ, તેણે જવાબ આપ્યો ''તે મારા સપનાને સાચું સ્વરૂપ આપે છે'' તેના પરથી સમજાય છે કે તે જાણકાર છે. દરેક બાબતને મૂળથી જાણે છે અને તે પોતાના કામને મોટું, મહત્ત્વનું અને ઉપયોગી ગણે છે એટલે તેને મુખ્ય કાર્યકર્તા બનાવ્યો છે.'' આ વાર્તા પરથી સમજાય છે કે જે કામ કરો છો તે શા માટે કરો છો તેને મૂળથી જાણો, સમજો અને સૌથી મહત્ત્વનું ગણી દિલથી કરો.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# યુવાનોનું આંદોલન અને સત્તા સામે પડકાર

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**આ અસાધારણ સફળતાના કેન્દ્રમાં 'જેન-ઝી'નું ઝનૂન અને શિક્ષણવિદ્-પર્યાવરણવાદી સોનમ વાંગચુકનો મજબૂત સંકલ્પ છે**

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી); આ નામ ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ)ની એક ટિપ્પણી, ભલે પછી તે અચાનક અને આકસ્મિક રીતે એમ જ કહેવામાં આવી હોય કે ગંભીર રીતે- તેના કારણે અચાનક અને સંયોગથી અસ્તિત્વમાં આવી. 320 મિલિયન વર્ષ જૂનો ઈતિહાસ અને વિશ્વભરમાં 4,600 પ્રજાતિઓ ધરાવતા આ સૌથી પ્રાચીન પાંખો વાળા જીવંત કીટક 'વાંદા'(કોકરોચ)ને વર્તમાન ભારતીય સંદર્ભમાં એક નવો અર્થ મળ્યો છે. સીજેપી નામના નવા સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યાને માંડ બે મહિના થયા છે અને અશાંત પરંતુ મજબૂત ઇરાદાવાળાં યુવાનો તેની ધરી બન્યાં છે. તેની પાસે કોઈ નેતા, કેડર, વિચારધારા, બંધારણ કે મેનિફેસ્ટો નથી. તે માન્યતાપ્રાપ્ત, નોંધાયેલ કે અણનોંધાયેલ રાજકીય પક્ષ નથી, પરંતુ માત્ર એક એવી ઘટના છે જેણે શક્તિશાળી સરકારને હલાવી દીધી છે અને સમાજની, ખાસ કરીને યુવાનોની કલ્પનાને જગાડી છે-જેઓ ગઈ કાલ સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું જોરદાર સમર્થન કરી રહ્યાં હતાં અથવા હવે તેમની જવાબદારી માંગી રહ્યાં છે. આ અસાધારણ સફળતાના કેન્દ્રમાં 'જેન-ઝી'નું ઝનૂન અને શિક્ષણવિદ્-પર્યાવરણવાદી સોનમ વાંગચુકનો મજબૂત સંકલ્પ છે, જેણે આ ટૂંકા ગાળાના આંદોલનને એક નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે.

પેપર લીકની ઘટનાઓના વિરોધમાં અને શિક્ષણ વ્યવસ્થામાં દૂરગામી સુધારાની માંગ સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે 21 દિવસના ઉપવાસ બાદ તેમની બળજબરીપૂર્વક હટાવવામાં આવ્યા પછી ઉંમર અને લિંગનાં બંધનો તોડીને લોકોનો જે જનસૈલાબ ઉમટ્યો છે તે અપ્રતિમ છે. સમગ્ર ભારતમાંથી દિલ્હીમાં ઊમટી પડેલી અભૂતપૂર્વ મોટી ભીડે સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. વધુમાં, સુરક્ષા દળોના સખત વલણનો સામનો કરીને સૂત્રોચ્ચાર કરતા પ્રદર્શનકારીઓ ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ સંસદ ભવનની દિવાલો સુધી પહોંચી ગયા હતા. પોલીસ કાર્યવાહીનો જ નહીં, પરંતુ ન્યાયની માંગ સાથે તેમણે ભારે વરસાદનો પણ સામનો કર્યો હતો. છેલ્લા ચાર દાયકાથી દિલ્હીમાં ફિલ્ડ રિપોર્ટર તરીકે ઘણી મોટી રેલીઓ, વિરોધ પ્રદર્શનો અને જાહેર સભાઓનું કવરેજ કર્યા પછી આ પહેલાં ક્યારેય આવો નજારો જોયો નથી. આ વિરોધ પ્રદર્શનનું સંપૂર્ણ સ્વૈચ્છિક સ્વરૂપ દરેક દૃષ્ટિએ તેની મજબૂત બાજુ રહ્યું છે. રોકડ કે સિક્કા આપીને અથવા મુસાફરીની વ્યવસ્થા કરીને ભીડ એકઠી કરવાની પરંપરાથી વિપરીત, લોકો પોતાના પૈસા ખર્ચીને સ્વેચ્છાએ આ આંદોલનમાં જોડાયાં હતાં. એક વાર સ્થળ પર પહોંચ્યા પછી અને પોલીસના હુમલાનો સામનો કરતી વખતે જ્યારે સેંકડો યુવાન પ્રદર્શનકારીઓ ઘાયલ થયાં, ત્યારે સમાજ મદદ માટે આગળ આવ્યો. ભોજન, પાણીથી લઈને તબીબી મદદ સુધીનું બધું જ ઉપલબ્ધ થઈ ગયું. સૌથી વધુ પ્રોત્સાહક બાબત એ છે કે, આ સ્વૈચ્છિક પ્રયાસ ધર્મ, જાતિ, પંથ, રંગ અને રાજકીય જોડાણોથી પર હતો. ગૌરવપૂર્ણ વાર્તાની એક દુઃખદ બાજુ એ હતી કે, શાસક પક્ષનાં સમર્થકો (જો કે, તેની સંખ્યા ખૂબ ઓછી હતી)એ પોલીસની મદદથી તેમાં દખલગીરી કરવાની કોશિશ કરી.

અંતિમ ધ્યેય પ્રાપ્ત થાય ત્યાં સુધી આ પ્રદર્શનની અસર જાળવી રાખવી એ વિરોધ કરી રહેલા યુવાનો માટે ચોક્કસપણે એક ગંભીર પડકાર છે. શાસક પક્ષની તમામ બાબતોમાં સરકારી મશીનરીનો ઉપયોગ કરવાની પ્રકૃતિને જોતાં આવી તમામ પ્રવૃત્તિઓ સામે લડવા માટે ગતિ જાળવી રાખવી મહત્ત્વપૂર્ણ રહેશે. જો કે, આશાનું કિરણ એ છે કે તેણે લોકો સાથે રાષ્ટ્રવ્યાપી ભાવનાત્મક જોડાણ સ્થાપિત કરી લીધું છે, જેના કારણે આંદોલનને બદનામ કરવા માટે શાસક પક્ષ માટે કોઈ સાહસ કરવું મુશ્કેલ બની જશે.

આ મહિનાથી ચાલી રહેલા 'જેન-ઝી' આંદોલનનું સૌથી મોટું તારણ એ છે કે તેણે 2014થી પ્રચલિત ભયના માહોલવાળા 'ન્યૂ નોર્મલ'(નવી સામાન્ય સ્થિતિ)ના ખ્યાલને બદલી નાખ્યો છે. જ્યારે કોઈ સરકારને પ્રશ્નો પૂછવાની હિંમત કરતું ન હતું, ત્યારે પ્રદર્શનકારી જેન-ઝીએ સૂત્રોચ્ચાર કરીને અને વડા પ્રધાનને સીધા પ્રશ્નો પૂછીને આ અવરોધ તોડી નાખ્યો. જો કે, સીજેપીના આ ક્રાંતિકારી કાર્યની બીજી મોટી સિદ્ધિ એ છે કે, જંતરમંતર આંદોલને વિપક્ષને, ખાસ કરીને કોંગ્રેસને વધુ અર્થપૂર્ણ રીતે કાર્ય કરવા માટે જગાડી દીધી છે. સંસદનાં બંને ગૃહોમાં તેમના દ્વારા બનાવવામાં આવી રહેલું દબાણ અને અંતે, વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન બહાર વિપક્ષી સાંસદો સાથે રાહુલ ગાંધીનું ધરણાં પ્રદર્શન, યુવાનોની ન્યાયની માંગને વધુ શક્તિ આપી છે. સમાજ અને વિરોધ પક્ષોના પૂર્ણ સમર્થન સાથે તેણે સીજેપીના આંદોલનને એક પ્રકારનું બહુપક્ષીય સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે.એ વધુ મહત્ત્વનું છે કે, નેતૃત્વ સીજેપીની કોર ટીમ અને જમીન પરના યુવાનોના હાથમાં રહેવું જોઈએ. બાકીના દરેક વ્યક્તિ, જેમાં વાંગચુક, ગાંધી અને વિરોધ પક્ષોનો સમાવેશ થાય છે, તેમણે માત્ર યુવા-આંદોલનને શક્તિ આપતાં જ દેખાવું જોઈએ. ગાંધી તેમની પાર્ટી દ્વારા આયોજિત કાર્યક્રમો દ્વારા પેપર-લીક અને તેને સંબંધિત કથળતી શિક્ષણ વ્યવસ્થાનો મુદ્દો ઉઠાવી રહ્યા છે, જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જો કે, હાઈ-સિક્યોરિટી લ્યુટિયન્સ દિલ્હીમાં વડા પ્રધાનના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઊતરવાથી તેમના યુવા-કેન્દ્રિત એજન્ડાને એક નવો અર્થ મળ્યો છે.

સીજેપીના નેજા હેઠળ યુવાનોએ, કદાચ અજાણતા, કેટલીક અનોખી સિદ્ધિઓ નોંધાવી છે. પ્રથમ, તેમણે સામુહિક એકજૂટતા અથવા કોઈ પણ પ્રકારની એકતા પ્રતિ સિસ્ટમની ઉપેક્ષાને સફળતાપૂર્વક પડકારી છે. જ્યારે યુવાનો સામુહિક રીતે ઊભા થાય છે અને સમાજને જગાડે છે, ત્યારે તે વિરોધીઓની પણ કલ્પનાને જગાડે છે. તે સીજેપીના વિરોધ પ્રદર્શનોના વર્તમાન તબક્કામાં જોઈ અને અનુભવી શકાય છે.આંદોલનનું બીજું મહત્ત્વનું પાસું એ છે કે, તેણે તમામ પ્રકારના સામાજિક, વૈચારિક, ધાર્મિક, ક્ષેત્રીય અને વર્ગ ભેદભાવોને પાર કર્યા છે જે દિલ્હીમાં સમયાંતરે આયોજિત મોટા ભાગના કાર્યક્રમોમાં જોવા મળે છે. સૌથી ઉપર, તેણે એક આંતર-વર્ગીય અને વધુ મહત્ત્વનું શહેરી-ગ્રામીણ જોડાણ બનાવ્યું છે. આવી વિરોધ રેલીઓ માટે ભીડ સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારોમાંથી એકત્ર કરવામાં આવે છે, જેમાં શહેરી ભીડની ભાગીદારી નહિવત્ હોય છે. આ ગતિશીલતા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે કારણ કે તમામ ક્ષેત્રો અને પૃષ્ઠભૂમિનાં લોકોએ યુવાનોની ચિંતાઓને ઉજાગર કરવા માટે એકજૂથ થઈને કામ કર્યું છે.

સીજેપી પ્રેરિત યુવા વિરોધ પ્રદર્શનો વ્યવસ્થિત અને આર્થિક નિરાશાને એક અસરકારક એકીકૃત પેઢીગત ઓળખમાં રૂપાંતરિત કરીને ભારતીય માનસિકતા પર ઊંડી, બહુસ્તરીય અસર કરી રહ્યા છે. ન્યાયતંત્રની એક વિવાદાસ્પદ ટિપ્પણીના જવાબમાં ઓનલાઇન મીમ તરીકે જે શરૂ થયું હતું તે એક ઐતિહાસિક જનઆંદોલનનું રૂપ લઈ ચૂક્યું છે, જે દર્શાવે છે કે યુવા ભારતીયો સત્તા સાથેના તેમના સંબંધોને કેવી રીતે જુએ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કુદરત જ સર્વોપરી છે

થોડા સમય પહેલાં આ વર્ષે અલનીનોની અસરને કારણે ચોમાસું નબળું હોવાની સંભાવના જાણવા મળી હતી પણ કુદરતને અત્યારે તો કંઈક અલગ જ મંજૂર છે! ઉત્તર-પૂર્વ ભારતમાં વરસાદે કાળોકેર વર્તાવ્યો છે. નાગાલેન્ડમાં વરસાદથી હાહાકાર મચ્યો છે! જમ્મુ-કાશ્મીર તરફ અમરનાથ, વૈષ્ણોદેવીની યાત્રા સ્થગિત કરવામાં આવી છે. આપણા શહેરે પણ બાર-તેર ઈંચ વરસાદનો અનુભવ કરી પારાવાર નુકસાન વેઠ્યું છે. સ્માર્ટ સીટી 'ડૂબતા સુરત' થવા લાગ્યું! અનેક રાજ્યોમાં વરસાદે તારાજી સર્જી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કુદરત આગળ માનવી લાચાર છે અને આ સંજોગોને પહોંચી વળવા આગોતરી તૈયારી આવશ્યક છે. જેથી પ્રજાના જાનમાલને નુકસાન ન થાય. આગાહી ગમે એટલી સચોટ થતી હશે પણ આખરે તો કુદરતનું ધાર્યું જ થાય છે ને? સ્થળ ત્યાં જળની પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. પ્રજાના રહેણાંક વિસ્તારોમાં પાણી પ્રવેશી જાય! કેટલું નુકસાન થાય? 2006માં સુરતની પ્રજાએ સહન કર્યું જ છે. ભારે વરસાદ ભલે આવે પણ એને માટે નુકસાન ન થાય એના પગલાં લેવાવાં જ જોઈએ. વર્તમાન સમયમાં વિજ્ઞાને અવનવી શોધ કરી છે. એ યંત્રો દ્વારા પણ પ્રજાને સુરક્ષિત કરી શકાય. પાણીનો નિકાલ સુવ્યવસ્થિત રીતે થવો જોઈએ.

**સુરત - નેહા શાહ**

## ગરીબી નાબુદ કરવા સહિયારા પ્રયાસો હાથ ધરીએ

ગરીબી હટાવો નું સૂત્ર સ્વર્ગસ્થ ભુતપુર્વ વડાપ્રધાન શ્રી મતી ઈન્દિરા ગાંધી ના સમયથી વહેતું મુકવામાં આવેલ, આઝાદી ના 75થી વધુ વર્ષ થવા છતાં ગરીબી નાબુદ કરી શકાય નથી. ગરીબી નાબુદ કરવી હશે તો પ્રથમ આવકની અસમાનતા દુર કરવા પ્રથમ અગ્રતા આપવી પડશે. દેશમા 90કરોડ લોકો સરકારી અનાજ મેળવે છે. ઘરની એક વ્યકિતને રોજગારી પુરી પાડવી પડશે. જેટલા લોકો સરકારી અનાજ મેળવે છે તેઓના કુટુંબના બાળકો સરકારી શાળા માં દાખલ થવા જોઈએ આ માટે ગ્રામ્ય અને શહેરી ગરીબો માટે વધુમાં વધુ સરકારી શાળાઓ શરૂ કરવી જોઈએ.197 દેશો પૈકી જે દેશમા ગરીબી, ભૂખમરો વધુ છે તેવા દેશને વિશ્વ બેંક તરફથી ધિરાણ પુરૂ પાડી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોનું જીવન ધોરણ ઊંચું આવે તેવી પંચવર્ષીય યોજના અમલમાં મુકવી જોઈએ. ગરીબી નાબુદ થશે એટલે કોઈ ગરીબ રહેશે નહીં. આઝાદ દેશમા દરેકને શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવા નિઃશુલ્ક પુરી પાડવી જોઈએ. દરેકને યોગ્ય રોજગારી મળી રહે તેવું આયોજન કરવામાં આવે તો હવે પછીના 100 વર્ષ કોઈ વ્યક્તિ ગરીબ નહી રહે. દેશમાં દરેક પ્રકારની અસમાનતા પ્રવર્તે તે તાકિદે દુર થાય તેવા સહિયારા પ્રયાસો હાથ ધરવામાં યોગ્ય આયોજન કરવું જોઈએ. ગરીબી નાબુદ થશે એટલે ગુન્હા નુ પ્રમાણ પણ ઓછું થઈ જશે. દરેક અંજંપાનું કારણ ગરીબી જ છે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## સ્માર્ટફોન વધ્યા, સ્માર્ટ પેરેન્ટિંગ ઘટ્યું?

આજે બાળકના હાથમાં રમકડાં કરતાં સ્માર્ટફોન વહેલો આવે છે. ઘણા ઘરોમાં બાળકને શાંત રાખવાનો સૌથી સરળ ઉપાય હવે પ્રેમભરી વાતચીત નહીં, પરંતુ યુટ્યુબનો એક વિડિયો બની ગયો છે. જાણે માતા-પિતાએ બાળઉછેરનો કોન્ટ્રાક્ટ સ્ક્રીનને સોંપી દીધો હોય! પછી એ જ માતા-પિતા ફરિયાદ કરે છે કે બાળક વાત નથી સાંભળતું, ચીડિયું થઈ ગયું છે, વાંચવામાં મન લાગતું નથી અને લાગણીઓ વ્યક્ત કરતું નથી. સૌથી મોટો વિરોધાભાસ એ છે કે બાળકને મોબાઈલ મૂકી દે કહેતા માતા-પિતા પોતે જ ભોજન સમયે, પ્રવાસ દરમિયાન, પરિવાર વચ્ચે અને ક્યારેક તો બાળક સાથે રમતી વેળાએ પણ મોબાઈલમાં જ વ્યસ્ત હોય છે. બાળક કાનથી ઓછું અને આંખોથી વધુ શીખે છે. તેથી તેને ઉપદેશ નહીં, ઉદાહરણ જોઈએ. આપણે બાળકોને મોંઘો ફોન, ટેબ્લેટ અને શ્રેષ્ઠ શાળા તો આપી રહ્યા છીએ, પરંતુ શું આપણે તેમને દરરોજ અડધો કલાક નિઃસ્વાર્થ સમય આપી રહ્યા છીએ? કદાચ નહીં. તેથી આજે બાળકો અનાથ નથી, છતાં ઘણીવાર એકલતા અનુભવે છે. સ્માર્ટફોન દુશ્મન નથી, પરંતુ જ્યારે તે માતા-પિતાના સ્નેહ, સંવાદ અને સ્પર્શનું સ્થાન લઈ લે છે, ત્યારે સમસ્યા શરૂ થાય છે. પ્રશ્ન ફોન કેટલો સ્માર્ટ છે તેનો નથી; પ્રશ્ન એ છે કે આપણા પેરેન્ટિંગમાં હજુ કેટલી સંવેદના બચી છે. બાળકને સૌથી વધુ જરૂર Wi-Fiની નહીં, Why not sit with me? એવા માતા-પિતાની છે.

**સુરત - પ્રા. સાગર ગાંધી**

## શિક્ષણથી માનવ સર્જનમાં પરિવર્તન શક્ય

જંતર મંતરનાં ધરાતલ પર હજારો વિધાર્થીઓ પૂર્વ સૈનિકો વાંગચૂક અને દેશના બાળકો ભેગા થઈને એક માંગ મૂકી છે. શિક્ષણ પ્રધાન રાજીનામુ આપો. આં માંગ અયોગ્ય નથી. કારણ વિશ્વાસઘાત ની ઘટના બની પછી જ આ જંતર મંતર જન મેદની સુત્રોચાર અને મંત્રોચ્ચાર કરી રહ્યાં છે. ખરેખર આ ઘટનાને મીડિયામાં તોડી મરોડી રજૂ કરવા કરતાં ભૂલ સ્વીકારી પદની અને શિક્ષણની ગરિમા સચવાય તેનો બોધ પ્રધાનમંત્રી રાજીનામુ આપે તો સત્ય પુરવાર થાય તેમ છે. નીટ ઘટના અતિ નિંદનીય છે કારણ ઘણા વિધાર્થીઓ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી લીધું છે.વિશ્વાસઘાત એ ઘણી મોટી સમસ્યા છે પણ લોકશાહીમાં પરીક્ષા તો સારી રીતે લેવી જોઈએ.જે માંગ ઉઠી છે તેનું સમર્થન કરીને શિક્ષણ મંત્રી એ રાજીનામુ આપી દેવું જોઈએ જેથી મંત્રીની નિખાલસતા અને લોકશાહીની વ્યવસ્થા મજબૂત દેખાય આવે નહીં તો આ ભાજપા સમયની કાંડ કથા બની જશે.રાજીનામાંથી આ વાવટ રૂપી વિરોધ સમી જાય તેમ છે.જો કેન્દ્રીય લેવલ પર શિક્ષણ મંત્રી રાજીનામુ ધરી દે તો માનવ સંદેશ ફલિત થાય લોકશાહીમાં માનનારા ભાજપા વરિષ્ઠ નાગરિકો ખરા છે. આ બાબતમાં જેટલી કઠણાઈ બતાવવામાં આવશે તેટલી બદનામી સરકારની થશે. પાછલો ઈતિહાસ બની જશે રાજીનામાં સામે અહમની ઓળખ એટલે ભાજપા જે પૂર્વ ઈતિહાસનો મહાવરો ન થાય તે અચૂક લોક લાગણી અને લોકહિત સમજી રાજીનામુ આપી દેવું જોઈએ.

**સુરત - હરિશકુમાર ચૌધરી**

## આવાગમન

શ્રીજીના આગમનની તૈયારી મહિનાઓ પહેલાંથી શરૂ થઈ જાય છે. ભવ્ય, આકર્ષક, મૂર્તિઓ, ઊંચાઈની હરીફાઈ કરે. સૃષ્ટિ પર આવાગમન નિશ્ચિત- શાશ્વત છે. આવા ટાણે ઉત્સવ, આનંદ, ભક્તિ અઢળક છલકાય. હવે તો મુંબઈનાં કલાકારોએ સુધ્ધાં સુરત ખાતે નિર્માણ શરૂ કર્યું! દૃઢ શ્રધ્ધા, ભક્તિભાવ, માનવમહેરામણની છોળ ઊડે, આગમન ટાણે ટૂંકા ગાળાની સ્થાપના પણ હોય. પરંતુ આનંદચૌદશ સુધી સર્વત્ર ઊંડી શ્રદ્ધા અર્ચના થાય. જોતજોતામાં ગમવેળા આવી રહે. આનંદચૌદશના બીજા દિવસે નદી તરફ નજર ફેરવો. દર્શન વિપરીત થશે. જે શ્રીજીની આટલા દિવસ શ્રદ્ધા થકી પૂજા-અર્ચના કરી તેની અવળી અસર નજરે ચઢશે. પૂર પરથી જોતાં છૂટું પડેલું મસ્તક, સૂંઢ, હાથ પગ વેરવિખેર રઝળતાં જોવા મળે! અલબત્ત વ્યવસ્થા, સંયોજકો કાળજી લે છે. મુંબઈ ખાતે વિસર્જન માથા પર પાટલો, પાટલા પર શ્રીજી બિરાજમાન અને અત્યંત ભક્તિપૂર્વક આસ્થાથી વિદાય અપાય. જેની આટલા દિવસથી પૂજા કરી,સ્થાપના કરી તેની નદીમાં આ હાલત? હૃદય કકળી ઊઠે. ગમન, વિસર્જન સંપૂર્ણ થાય, માન મરતબો જળવાય એ રીતે થવું જરૂરી. આયોજકો આટલું ધ્યાન રાખે. પ્રશ્ન જૂનો પણ હલ કરવા જેવો.

**સુરત - કુમુદભાઈ બક્ષી**

## સમાજની માનસિકતા

આજે પણ ક્યાંક કોઈ ગર્ભવતી સ્ત્રી પર દબાણ થાય છે કે જો ગર્ભમાં દીકરી હોય તો તેને જન્મ પહેલાં જ મારી નાખો. સૌથી મોટો વિરોધાભાસ એ છે કે આજે વિજ્ઞાન દરેક ઘરમાં પહોંચી ગયું છે. દરેકને ખબર છે કે દીકરો કે દીકરી થવા માટે જવાબદાર સ્ત્રી નથી, પુરુષ છે. તો પછી સવાલ એ છે કે સજા માત્ર સ્ત્રીને જ કેમ? દીકરીઓ જન્મ પહેલાં જ મારી નાખવામાં આવે છે. યાદ રાખજો... દીકરી જન્મે ત્યારે માત્ર એક બાળક નથી જન્મતું, એક બહેન, એક મિત્ર, એક ડૉક્ટર, એક શિક્ષિકા, એક વૈજ્ઞાનિક, એક સૈનિક, એક માતા અને સમગ્ર સમાજનું ભવિષ્ય જન્મે છે. ગર્ભમાં દીકરીની હત્યા બંધ કરો. માનસિકતા બદલો. કારણ કે ગર્ભ નહીં, વિચારધારા બીમાર છે.

**સુરત - કિશોર પટેલ**